**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 4**

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, દીધી તે દીનની બારી. હરી૦ (૨૫૨)

આશાજી બીજી વેલા એહીજ જાણો, રાત ઘડી છ ગઈ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી૦ (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઈજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)

આશાજી સાત સમુદ્ર વીચમાંહે બેઠા, તારો દઈને ઉગારોજી;
મયા કરો મોરા સામી, ભેટાડો તમારો દીદાર. હરી૦ (૨૧૬)

આશાજી અમેજ ભુલા તમે ઉગારો, મહેર કરો મારા સામીજી;
એહી જીવ તમારા જાણો, જાણો તમો શ્રી એસ્લામશાહ. હરી. (૨૧૭)

આશાજી ગુને ભર્યા જીવજ બુડે, તેને બહારજ કાઢોજી;
નહી તો જીવડા ભુલી જાશે, જાશે તે અવર મારગ. હરી૦ (૨૧૮)

આશાજી હીણા ખીણા સરવે જીવ તમારા, બેઠા છે તમારે દુઆરજી;
મહેરકી નજર કરો મોરા સામી, ફઝલ કરો એ દયાળ. હરી. (૨૧૯)

**(Please go to the next page)**

**Day 4 (continued)**

આશાજી હુમ કુછ નાંહી તમે છો નાંથ, મહેર કરોં મોરા સાંમીજી;
વચન તમારા એહીજ બોલો, તમે છો મોટા નાથ. હરી. (૨૬૨)

આશાજી શાહના દીદાર તંખતે બેઠશે, તીયાં દશોંદનું પુછેજી;
જબરાઈલ ત્યાં પુછવાને આવે, દસોંદ વીના સરવે જુઠા. હરી. (૩૫૮)

આશાજી કીરીઆ કીધી ને ધરમે ચાલ્યા, સતી હુઓ અપારજી;
સાત સરગમાં તે જીવ પોહોતો, પણ ઉંચો તે નહી જાય.
હરી૦ (૩૫૯)

આશાજી દસોંદ ન દીધી ને કીરીઆ કીધી. તે સતી હુઓ અપારજી;
દસોંદ કારણ ઉંચો નહી ચડીઓ, તેને આવી દીદારની ખોટ.
હરી૦ (૩૬૦)

આશાજી શુદ્ધ દસોંદ દીઓ મોરા ભાઇ, તો મુલે મુલ સમાણાજી;
પછે ધરમ વીરાભાઇ તમે કરજો, તો દારેદાર સમાય. હરી. (૩૬૧)

**Original Source:** Pir Hasan Kabirdin's Ana(n)t Akha*d*o. Published by the Ismailia Association for India, Bombay, 1949; 1952.